

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સત્તાધારીને નિયમભંગ 'હક-વા' થઈ જાય છે,
ને પ્રજાજનોને લાફાનો 'લક'-વા થઈ જાય છે,
બકવાસ હોય છે વિરોધીઓના ભાષણો સદા -
સરકાર સામેનું સત્ય, 'અફવા' થઈ જાય છે...
(અફવા ફેલાવવી ગુન્હો છે)

હાઈકુ

મફત રસી
મતદાને કરશે - ?
આડ-અસર!!

દંડ સિદ્ધિથી -
થાય છે આવકની -
આડઅસર!!

### ચિંતન

**દુર્જનૈરુચ્યમાનાનિ સસ્મિતાનિ પ્રિયાણ્યપિ ।**
**અકાલકુસુમાનીવ ભયં સંજયન્તિ હિ ।**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

ઋતુ વગર જો વૃક્ષ પર ફળ-ફૂલ આવે તો કુદરતની આ વિચિત્રતાના કારણ વગર ભય ઉત્પન્ન થાય છે. તેમ જો દુર્જન હસીને પ્રિય મીઠું વાક્ય બોલે તો પણ ભયકર્તા બને છે.

કુદરતના નિયમમાં રહીને જ કાર્ય કર્યા કરે છે. સૂર્ય-ચંદ્ર, ગ્રહો ક્ષણ - પલના તફાવત વિના ચોક્કસ ક્રિયાઓ કરે છે. સમુદ્રની ભરતી, કુદરતી રીતે વૃક્ષ પર ફળ-ફૂલો આવવા માટે ચોક્કસ નિયમ-સમય હોય છે. આ ક્રમમાં ફેરફાર થાય છે ત્યારે લોકો ભયભીત થાય છે.

સામાન્ય રીતે લોકો દુર્જન લોકો માત્ર પોતાનો સ્વાર્થ જ સાધવા જ મીઠા વચન-સ્મિત સાથે બોલે છે. નહીતો એમની તોછડી ભાષા જ એમની સાચી ઓળખ હોય છે. હવે આવો દુર્જન જ્યારે સ્મિત વદને મીઠું મધ જેવું બોલે છે. ત્યારે તેના પાછળ કંઈ ઊંડુ રહસ્ય અથવા ભયજનક સ્વાર્થ હોય એ નિશ્ચિત બને છે. આથી એવા ધૂર્તનું સ્મિત અને પ્રિય વચન ભય ઉપજાવે છે.

### સુવિચાર

- રબ કરતાં રાબિયા ચઢે, માધવ કરતાં મીરાં ચઢે - **મોરારિ બાપુ**
- જે કોઈને બાધક ન બને, જરાયે કોઈને બાધક ન બને એનું નામ 'સાધક' - **આપ્તસૂત્ર**
- બલિદાન અપાય પણ બદલો ન લેવાય, ક્ષમા એક અમૃત છે - **જનકલ્યાણ**
- મહાપુરુષના ત્રણ લક્ષણો : (૧) મનસૂબામાં ઉદારતા, (૨) અમલવારીમાં માનવતા (૩) સફળતામાં નરમાશ - **ચંદુલાલ ઠુકરાલ**
- તમે જે સાંભળો છો તેમાંથી અડધું જ તમે માની લો છો તમે હોશિયાર, તમે જે કાંઈ સાંભળો તેમાંથી કયું અડધું માનવું તે તમે જાણી લો તો તમે પ્રતિભાશાળી - **એન્ટોન ચેખવ**
- જ્ઞાન 'પૂરી' છે તો ભક્તિ 'રસ' છે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : તજનો પાઉડર અને મધની પેસ્ટ ખીલ પર ત્રણ કલાક લગાડી રાખી નવશેકા પાણીથી ચહેરો ધોવાથી ખીલ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગિજુભાઈ બધેકા એ બાળકોને ભણાવતા ભણાવતા એક પાઠ પુસ્તકમાં મનમાં વાંચવાનું સૂચન કર્યું. સૌ બાળકો પોતપોતાના પુસ્તકમાંથી વાંચન કરી રહ્યા હતા એવામાં એક વિદ્યાર્થી એની બાજુમાં બેઠેલા સહઅધ્યાયીના પુસ્તકમાંથી વાંચી રહ્યો હતો. ગિજુભાઈ એને ઊભો કરીને પૂછ્યું, 'ભાઈ, તારી પાસે તારું પોતાનું પાઠ્યપુસ્તક નથી? તે હજી પુસ્તક ખરીદ્યું નથી?' વિદ્યાર્થી ગભરાઈ ગયો. ધ્રુજતા સાદે તે એટલું જ બોલ્યો, 'હું પુસ્તક ખરીદી શકું એટલા મારા વાલી પાસે પૈસા નથી.' ગિજુભાઈએ તેને બેસી જવા કહ્યું. સાંજે, રાત્રે ગિજુભાઈ ને પ્રશ્ન ડંખી રહ્યો કે શા માટે આ બાળકની પાસે પુસ્તક ન હતું? એમના પિતાની સ્થિતિ કેવી હશે? એમના અંતરમાંથી અવાજ આવ્યો. 'શું તું માત્ર એક શિક્ષક છે? સૌ વિદ્યાર્થીઓનો વાલી નથી??'

ગિજુભાઈ બીજે દિવસે શાળાએ જતા પહેલાં પુસ્તક વેચતા વેપારીને ત્યાં ગયા. અને પેલા ગરીબ વિદ્યાર્થી માટે પુસ્તકો ખરીદી લીધા. શાળાએ જઈને પેલાને આપ્યા. પેલો વિદ્યાર્થી બોલ્યો, 'તમે મારા શિક્ષક છો. વાલી નથી. કે આમ મને પુસ્તકો આપી રહ્યા છો.' ગિજુભાઈ તેના માથે હાથ મૂકીને બોલ્યા. 'બેટા, આજ સુધી હું પણ એ જ ભ્રમમાં હતો કે હું તારો શિક્ષક માત્ર છું. પણ આજે એ ભ્રમ દૂર થયો છે અને હું એ સમજી શક્યો છું. હું શિક્ષક નહીં પણ વાલી પણ છું. બધા જ શિક્ષકોને વહેલું મોડું આ સત્ય સમજવું જ પડશે.'

# બજેટ સત્રમાં ખેડૂત આંદોલન અને કોરોના જેવા મુદ્દા છવાયેલા રહેશે

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્ર સરકારે અનેક પ્રશ્નોથી ઘેરાયેલી છે. સંસદનું બજેટ સત્ર શરૂ થઈ ગયું છે અને મોટા ભાગના વિપક્ષોએ રાષ્ટ્રપતિના અભિભાષણ વખતે ગેરહાજર રહીને નારાજગી વ્યક્ત કરી છે. રાષ્ટ્રપતિએ તો સરકારે લખી આપેલું ભાષણ જ વાંચવાનું હોય છે એટલે સ્વાભાવિક રીતે જ એમમે સરકારે પસાર કરેલા ત્રણ કૃષિ કાયદાઓ ખેડૂતોનાં હિતમાં હોવાની વાત કરી. વળી લાલ કિલ્લા પર નિશાન સાહિબ અને ખેડૂત સંગઠનનો ધ્વજ ફરકાવવાની ઘટનાને તિરંગાનું અપમાન ગણાવી વખોડી કાઢી. અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથે બંધારણ કાયદા પાલનની પણ હિમાયત કરે છે એની યાદ અપાવી. કોરોના સંક્રમણ સામે દેશમાં વ્યાપક રસીકરણ શરૂ થઈ ગયું છે તે સરકારની સિદ્ધિ જ ગણાય. વડાપ્રધાને બજેટ સેશન પહેલાં સર્વપક્ષીય બેઠક બોલાવવાની પરંપરામાં ફેરફાર કરીને સેશન શરૂ થઈ ગયા પછી આવી બેઠક રાખી. એમને ખેડૂતોના પ્રશ્ને હરહંમેશ ચર્ચા અને સમાધાન માટેની તૈયારી દર્શાવી છે. કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરના જ શબ્દોનું પુનરુચ્ચારણ કરી પોતે ખેડૂતોની માત્ર એક ફોન કોલના અંતરે જ હોવાની ખાતરી પણ આપી છે. વળી છેલ્લે ખેડૂતોના આગેવાનો સાથે કરેલ સમાધાનની ઓફર યથાવત જ હોવાનું પણ જણાવ્યું. જો કે બાર બાર વખતના પ્રયાસો છથાં ખેડૂત આગેવારો એમની માગણીથી તસુભાર ખસ્યા નથી. સરકાર હાલ પૂરતા કૃષિ કાયદાઓનો અમલ અમુક સમય પૂરતો મોકુફ રાખવા તૈયા છે પણ થૂંકેલું ગળવા તૈયાર નથી. કૃષિ કાયદા માકૂફ રહી શકે છે, રદ કોઈ સંજોગોમાં નહીં થાય. સરકારના આ સંકલ્પ પાછળ ઉદ્યોગપતિઓને ખાનગીમાં આપેલ હૈયાધારણ જવાબદાર હોઈ શકે છે. ન્યૂનત્તમ ટેકાના ભાવ મુદ્દે સરકાર ખેડૂતો સાથે સહમત છે, માર્કેટ યાર્ડો પણ બંધ નથી થવાના; છતાં ખેડૂતોને ઉદ્યોગપતિઓની તરફદાર ગણાતી સરકારનો ભરોસો નથી બેસતો. ખેડૂત આગેવાનો એમ જ માની રહ્યા છે સરકાર અંતે તો ખેડૂતો પાસેથી ખેતી છીનવી લઈ ઉદ્યોગપતિઓ - કોર્પોરેટ હાઉસીસને હવાલે જ કરવા માંગે છે. આથે અનેક વિટંબણાઓ અને વ્યવધાનો વચ્ચે ખેડૂતો એમનું આંદોલન સમેટવા તૈયાર નથી. પ્રજાસત્તાક દિવસે ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં દ્વારા ફેલાયેલી અરાજકતા અને લાલ કિલ્લાવાળી 'શરમજનક' ગણાવાયેલી ઘટના પછી ખેડૂત સંગઠનોમાં પણ ઊભી તિરાડ પડી ગઈ છે. ખેડૂત આંદોલને હિંસક વળાંક કેમ લીધો તે તપાસનો વિષય છે. વરિષ્ઠ ખેડૂત આગેવાનોને એમાં સરકારના કાવતરાની જ ગંધ આવે છે. રાહુલ ગાંધીએ પણ બહુ જ સૂચક સવાલ કર્યો છે. હિંસા અલબત્ત, કોઈ પણ પક્ષે થાય તો તે વખોડવાલાયક જ લેખાય, પરંતુ લાખ રૂપિયાનો સવાલ એ છે કે રેલીને લાલ કિલ્લા તરફ વળતાં કેન્દ્ર સરકારની પોલીસ રોકી કેમ ન શકી ? પંજાબના મુખ્યમંત્રી અમરિંદર સિંહે ખેડૂત આંદોલનમાં અવાંચિત તત્વો ઘૂસી જવાની દહેશત વ્યક્ત કરી જ હતી. ગાંધી નિર્વાણ દિને ખેડૂતોએ ૨૯મી જાન્યુઆરીએ થયેલ હિંસાના પ્રાયશ્ચિત લેખે એક દિવસનો ઉપવાસ રાખ્યો. વળી અત્યાર સુધી રાજકીય પાર્ટીઓથી દૂર રહેલા ખેડૂત આગેવાનોને હવે ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધના આંદોલનકારો તરીકે ઓળખાવવાની પણ શરૂઆત થઈ ગઈ છે. ખેડૂત નેતા રાકેશ ટિકૈતની રોતા રોતા કરેલી અપીલની ભારે અસર થતાં ગાઝીપુર બોર્ડર પરથી ઉચાળા ભરતા ખેડૂતો ફરી પાછા મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા છે. હરિયાણા અને ઉત્તરપ્રદેશના જાટ બહુલ જિલ્લાઓમાંથી જાટ કિસાનોનો જમાડવો થઈ રહ્યો છે. પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણસિંહના પુત્ર અજિતસિંહ અને પૌત્ર જયંત ચૌધરી ઉપરાંત હરિયાણામાં અભય ચૌટાલા સહિતના રાજકીય નેતાઓ ખેડૂત આગેવાનોની મુલાકાત રહી રહ્યા છે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ સહિત કોંગ્રેસના નેતાઓ ખેડૂતો સાથે ખડેપગે તૈયાર હોવાનાં નિવેદનો કર્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ અને મનીષ સિસોદીયા શરૂથી જ ખેડૂત આંદોલનના સમર્થનમાં છે. શરદ પવાર અને શિવસેના પણ ખેડૂત આંદોલનના સમર્થનમં છે. 'કોરોના વિજય'નો જશ લેવા મથતી કેન્દ્ર સરકાર બજેટ સત્ર દરમિયાન કોરોના અને ખેડૂત આંદોલનના મુદ્દે ઘણા હાકલા પડકારા વચ્ચે કામ કરવું પડશે તેવું લાગે છે.

# તારું કશું ના હોય તો છોડીને આવ તું, તારું જ બધું હોય તો, છોડી બતાવ તું...



**નવી સવાર**
**રમેશ તન્ના**

ભૌતિકવાદ-મૂડીવાદના અતિરેકને કારણે બ્રાહ્ય સફળતાનું મહત્ત્વ વધ્યું અને આંતરિક સાર્થકતાનો મહિમા ઘટ્યો. ચોમેર સુખ-સગવડો અને સાધનોનો મસમોટો ખડકલો હોવા છતાં 'મજા નથી આવતી'. મનમાં અંજપો રહે છે. આનંદની અનુભૂતિ તો જવા દો, પ્રતીતિ પણ થતી નથી. સુખ જેવું સુખ પણ સુખ નથી લાગતું અને માણસ સુખી થવા માટે સતત દુઃખી થયા કરે છે.

એનાં કારણ તો ઘણાં છે, પણ નિવારણ એક છેઃ સફળતાથી બે ડગલાં આગળ રહેલા 'સાર્થકતા'ના પ્રદેશમાં પ્રવેશ કરવો. જેમ સુખ અને આનંદમાં ફરક છે તેમ જ સફળતા અને સાર્થકતામાં ફરક છે. સફળતા બહારનો અને દેખાતો વિષય છે, સાર્થકતા અંદરનો અને પરોક્ષ બાબત છે. મનુષ્ય જીવનની ધન્યતા સફળતામાં નહીં, સાર્થકતામાં જ રહેલી છે એટલે જ સફળ માણસને પોતાના જીવનમાં સતત કંઈક ખૂટતું લાગે છે.

★ ★ ★

સમાજમાં એવા અનેક લોકો છે જે સાર્થક જીવન જીવે છે. એની આપણને ઓછી ખબર પડે છે કારણ કે આપણી આંખો સફળતા જોવા ટેવાઈ ગઈ છે. 'જે મપાય તે સફળતા અને પમાય તે સાર્થકતા'. ખરેખર તો 'પામવું' મહત્ત્વનું હોય છે. મહત્ત્વના મહત્વ કરતાંય 'પામવું' વધારે મહત્ત્વનું છે. જે આપે છે તે પામે છે, જે છોડે છે તે પામે છે.

હે સજ્જ વાચકો (જો સુજ્ઞ શ્રોતાઓ હોય તો સજ્જ વાચકો કેમ ના હોય ?) આજે હું તમને મનસુખભાઈ મેદાણીનો પરિચય કરાવું. સાર્થકતાથી છલકાતું તેમનું જીવન છે.

ધાનેરાના વતની. માતા ધરમી મા અને પિતા જશકરણભાઈ. પિતાએ થોડો સમય રંગૂનમાં કામ કરેલું. પિતાના અણધાર્યા-વહેલા નિધન પછી ધરમી માએ ત્રણ બાળકોને સરસ રીતે ઉછેર્યા. મનસુખભાઈ ભણીને સીએ થયા. ગુજરાતના વિકાસમાં ધરમી મા અને જશકરણભાઈ જેવાં હજારો-લાખો માતા-પિતાઓનું મોટું પ્રદાન છે તે ભૂલી જવાય છે. નિરક્ષર-ખેડૂત-છેવાડામાં રહેતાં-ગ્રામજનો-પછાત માતા-પિતાઓએ પેટે પાટા બાંધીને પોતાનાં સંતાનોને ભણાવ્યાં ત્યારે ગુજરાતનો ઉત્કર્ષ થયો છે.

અનેક પડકારો, પાંખાં સાધનોમાં શ્રી મનસુખભાઈ ટીપાઈને ઘડાયા. સીએ તરીકે પંકાયા પછી તેમણે પહેલાં સમાજને યાદ કર્યો. તેમને થયું કે સમાજના આપણા પર ઘણા ઉપકાર હોય છે. આપણે સમાજને બને તેટલું પરત કરવું જોઈએ. આ એ તેમની સફળતામાંથી સાર્થકતા તરફની સફર.

તેમણે કુલ ચાર ક્ષેત્રમાં માતબર પ્રદાન કર્યું. શિક્ષણ, ભોજન, ધર્મ અને આરોગ્ય. વતન ધાનેરામાં બે-બે ભોજનશાળાના સારથિ બન્યા. એક ભોજનશાળામાં માત્ર એક રૂપિયામાં અને બીજી ભોજનશાળામાં માત્ર પાંચ રૂપિયામાં પાકું જમણ અપાય છે. લાકો ગરીબો-ગ્રામજનોને જમાડ્યા. અમદાવાદ, સુરત, મુંબઈમાં પણ આવો ઘણો લહાવો તેમણે લીધો છે.

શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ હજારો વિદ્યાર્થીઓને કરોડો રૂપિયાની સહાય કરી. તેઓ માને કે સમાજને બેઠો કરવો હોય તો શિક્ષણ વિના નહીં ચાલે. કલોલમાં તેમના નામની બે કોલેજ છે. અંગત રીતે સેંકડો વિદ્યાર્થીઓને ભણાવ્યા. શિક્ષણ ક્ષેત્રે કરેલા અનોખા-અસરકારક પ્રદાનને પગલે બે યુનિવર્સિટીએ તેમને ડિ.લીટની ડિગ્રી પણ આપી.

ધાનેરાની આઈ હોસ્પિટલમાં જોડાયા. એ પછી લાખો રૂપિયાના ખર્ચે પાલનપુરમાં મેદાણી આઈ હોસ્પિટલની સ્થાપના કરી. આરોગ્યનાં અનેક કાર્યો-શિબિરોમાં સતત લક્ષ્મી આપી. તેઓ પાકા ધાર્મિક છે. કચ્છના બિદડામાં ૧૯ એકર જમીનમાં દેશનું અનોખું કહી શકાય તેવા 'માનવ મંદિર'ની સ્થાપનામાં મુખ્ય બની રહ્યા. વતન ધાનેરામાં માતાના નામે ભવ્ય પ્રવેશ દ્વાર બનાવ્યો. કુળદેવતાનું ભવ્ય મંદિર બનાવ્યું. આખું પુસ્તક લખાય તેટલી તેમની પ્રવૃત્તિઓ. વળી, જે પ્રવૃતિ કે સંસ્થામાં જોડાય તેમાં તન-મન અને ધન ત્રણેય રીતે અને પ્રીતે જોડાય. પૈસા આપીને છૂટી ના પડે, પૈસા આપીને બંધાઈ જાય. વહીવટમાં વિચક્ષણ અને કાબેલ. સ્નેહ, સુલેહ અને કુનેહનો સંગમ કરીને ગમે તેવું અઘરું કે પેચીદું કાર્ય કરી આપે. સંસ્થાઓ તેમને ટ્રસ્ટી બનાવવા અને સન્માનવા ચડસાચડસી કરે.

આજે ૭૮ વર્ષે પણ તેઓ અનેક સંસ્થાઓમાં સ્વસ્થ રીતે સક્રિય છે. તો આ છે સાર્થકતાનો એક રસપ્રદ અને પ્રેરક કેસ સ્ટડી.

**છાંયડો :**

**તારું કશું ના હોય તો છોડીને આવ તું,**
**તારું જ બધું હોય તો, છોડી બતાવ તું...**

**- રાજેશ વ્યાસ 'મિસ્કીન'**

# મારા જેવા અનેકનો ભલે ક્ષય થાય પરંતુ, સત્યનો હંમેશાં જય થાય...

**મારા શબ્દો ભલે નાશ પામો**
**કાળ ઉદર માંહી વિરામો**
**મારું જીવન એ જ મારી વાણી**
**સત્ય ટકો છો જાય આ દાસ**
**સત્ય એ જ હો છેલ્લો શ્વાસ**
**એને રાખવાનું કોણ બાંધી**
**એને મળી રહેશે એના ગાંધી**

**-ઉમાશંકર જોષી**

આજના આ (ટેકનો-સેવી) યુગમાં વિશ્વભરમાં જ્ઞાન, વિશ્વભરની વાતો જાળે પળવારમાં જ હાથવગી હોય તેમ લાગે છે. છતાં આપણું સત્ય, આપણું હિત એ આપણે પોતે જ શોધવું રહ્યું. સત્યની વાત આવે એટલે ગાંધી યાદ આવ્યા વિના રહે ખરા? વિનોબા ભાવેજીની લખેલી આ વાત આજે પણ અત્યંત સૂચક અને પ્રેરક છે :

સ્વરાજ્ય મળ્યું અને પરમેશ્વર ગાંધીજીને ઉઠાવી ગયા. પરમેશ્વરનો હેત જાણવો એ મનુષ્યને માટે મુશ્કેલ છે, તે છતાં ચિંતન દ્વારા એનું અનુમાન થઈ શકે.

આપણા દેશને સંપૂર્ણ સ્વરાજ મળે, તેના કરતાં ઓછી ઈશ્વરની ઈચ્છા હોત તો તેણે ગાંધીજીને આપણી વચ્ચે રહેવા દીધા હોત. પણ દેશ બધી જાતની પરાધીનતાથી મુક્ત થઈ જાય, એવી જ એની ઈચ્છા લાગે છે. અંગ્રેજોના જવાથી બહારનું દબાણ ગયું. ગાંધીજીને ઉપાડી લઈને ઈશ્વરે આપણી બુદ્ધિને હચમચાવી નાખી. જાણે કે એ આપણને કહેતા ન હોય કે, હવે તમે લોકો બધી રીતે સ્વતંત્ર છો, સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કરો અને સાચી રીતે સ્વતંત્ર બનો.



મનુષ્ય ગમે તેટલો મહાન થાય, તો પણ શું એ આખા દેશને સ્વરાજ અપાવી શકે ? મારી ઊંઘ જેમ મારે જ કરવી પડે છે, તેમ મારું સ્વરાજ પણ મારે જ મેળવવું જોઈએ. પરમેશ્વર હંમેશાં આપણે માટે મહાપુરુષો મોકલ્યા કરે, તો તેનાથી આપણી ઉન્નતિ જ થશે એવું નથી. ભગવાન વારંવાર અવતાર લેતા નથી, એ પણ એની કૃપા જ સમજવી જોઈએ.

લોક કહે છે કે ગાંધીજીની પાછળ ચોપાસ અંધારું છવાઈ ગયું છે. હું કહું છું કે હવે તો અજવાળું થયું છે. આંખો ઉઘાડો તો સમજાશે. ગાંધીજી વારંવાર કહેતા કે, હું જે કહું છું તેની ઉપર તમે સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કરો, અને એ ગળે ઊતરે તો જ તે પ્રમાણે ચાલો. પણ આપણે વિચારવાની તકલીફ લીધા વિના એમની પાછળ પાછળ ચાલ્યા કરતા હતા. એટલે પછી ઈશ્વરે નક્કી કર્યું કે હવે આ લોકોને વિચાર કરવાની તકલીફ આપવી પડશે.

પહેલાંના વખતમાં રાજકારણનું સ્વરૂપ આજના જેટલું વ્યાપક નહોતું. ત્યારની મોટી મોટી લડાઈઓ પણ લોકોને ખાસ સ્પર્શી શકતી નહોતી. અલ્લાઉદ્દીન દિલ્હીથી નીકળ્યો અને એણે દેવગિરિનું રાજ્ય જીતી લીધું. રસ્તામાં ક્યાંય લોકોએ એની સેનાનો વિરોધ ન કર્યો. એનું લકર જે જે ગામ પાસેથી પસાર થતું ગયું ત્યાંના લોકોને બહુ બહુ તો એવું લાગ્યું હશે કે જાણે તીડનું ટોળું આવ્યું ને ચાલ્યું ગયું.



**WhatsApp ઑફ ધી વીક**
**નેહલ ગઢવી**

દેવગિરિનું રાજ પલટાઈ ગયું, પણ લોકોના જીવનમાં કોઈ ખાસ ફેરફાર ન થયો. લોકો જે કરવેરા પેલાને ભરતા હતા, તે હવે આને ભરવા લાગ્યા — બસ, એટલો જ ફરક પડ્યો. એ વખતના રાજકારભારનાં પાપ-પુણ્ય લોકોને માથે નહોતાં. એની જવાબદારી એકલા રાજાઓની જ રહેતી.

આજે એવી સ્થિતિ નથી. એટલા માટે જ ગાંધીજી જેવા સાધુચરિત પુરુષને રાજકારણમાં આવવું પડ્યું. કારણ કે આજનું રાજકારણ આપણા સમાજજીવનથી જુદું નથી રહ્યું. આજનો કાળ જ એવો છે કે દરેક માણસને રાજ્ય વિશે વિચાર કરવો પડે. રાજ્યને સાત્ત્વિક અને પવિત્ર બનાવવાની જવાબદારી દરેકની ઉપર છે.

● ● ●

બુદ્ધના જમાનામાં રાજકારભારની જવાબદારી પ્રજા ઉપર નહોતી, એટલે બદ્ધના વિચાર વિશ્વોપયોગી હોવા છતાં આજ સુધી પટારામાં પડ્યા રહ્યા. શા હતા બદ્ધના વિચાર ? વેરથી વેર શમતું નથી, પ્રેમથી જ શમે છે. હિંસાથી હિંસા અટકતી નથી, અહિંસાથી જે અટકે છે. બાવળ વાવીએ તો એની ઉપર કેરી ન પાકે. કુદરતનો એ નિયમ છે. એને વિશે કોઈના દિલમાં શંકા નહોતી. પણ નૈતિક જીવનના એ નિયમમાં લોકોને શ્રદ્ધા બેઠી નહોતી. એ જમાનામાં રાજકારણનું સ્વરૂપ આજના જેટલું વ્યાપક નહોતું. ત્યારે હિંસાથી હાનિ તો થતી જ, પણ બહુ મોટી નહોતી થતી. આજની હિંસા વ્યાપક અને દરેકને અસર કરનારી હોવાથી બુદ્ધ પ્રબોધેલી અહિંસાનું મહત્ત્વ લોકોને ગળે ઊતરવા માંડ્યું છે. બુદ્ધની અહિંસાનો બોધ સમજવા માટે જગતનું વાતાવરણ આજે, અઢી હજાર વરસ પછી, અનુકૂળ થવા લાગ્યું છે. બુદ્ધની પછી ગાંધીજીને અહિંસાનું આંદોલન ચલાવવામાં જે થોડીઘણી સફળતા મળી, તેમાં માત્ર એમની જ કરામત હતી એવું નથી. આજના યુગની જ એ જરૂરિયાત છે.

**- વિનોબા ભાવે**

Last Seen :

'મારા જેવા અનેકનો ભલે ક્ષય થાય પરંતુ, સત્યનો હંમેશાં જય થાય...'

'સત્ય અને અહિંસા એ મારી શોધ નથી, આપણી સંસ્કૃતિનો એ વારસો છે...મેં ફકત એ પથ ઉપર ચાલવાનો પ્રયાસ કર્યો છે...'

**- મો. ક.ગાંધી.**

- nehalgadhavi101@gmail.com

# વહુઓને મળશે સાસુ સસરાના ઘરમાં અધિકાર : સુપ્રિમ કોર્ટ

સુપ્રિમ કોર્ટ તાજેતરમાં સીવીલ અપીલ નંબર : ૨૪૮૩/૨૦૨૦ના કેસમાં ચુકાદો આપતા જણાવ્યું છે કે, પતિએ પત્નીને તરગેડી દીધી હોય અને ઘર બહાર કાઢી મુકી હોય અને તેના રહેવાની કોઈ જ વ્યવસ્થા પતિ દ્વારા કરવામાં ના આવેલ હોય અને કોર્ટમાં જણાવ્યું હોય કે, પોતાના નામે પત્નીને રાખવા માટે કોઈ જ મકાન નથી. તો આવો બચાવ હવે શકય બનશે નહી. કોર્ટે પતિના માતા પિતાના નામે રહેલ મકાનમાં પણ વહુને રહેવાનો હક્ક અપાવ્યો છે.

પત્ની દ્વારા કોર્ટમાં પતિના માતા-પિતાના મકાનમાં હક્ક મેળવવા માટે કરેલ દાવામાં સામે પતિ દ્વારા અપીલ કરાતા કોર્ટે પત્ની તરફેણમાં ચુકાદો આપતા જણાવ્યું છે કે, પતિને પોતાનું મકાનના હોય અને તે પત્નીને રહેવાની વ્યવસ્થા કરી શકે તેમ ના હોય તો પતીના માતા-પિતાનું વડિલોપાર્જીત મકાન હોય તો તેમાં રહેવાનો પત્નીને હક્ક અધિકાર છે. પિતાના મકાનમાં રહેતી પત્નીને કોઈ કાઢી શકશે નહી.

પત્નીએ હિન્દુ મેરેજ એક્ટની કલમ : ૧૩(૧)(ia) અને (iii) મુજબ પીટીશન દાખલ કરી. પતિથી અલગ થવા દાદ માંગતા સામે સામે પતિ દ્વારા પત્નીને રહેવા માટે ઘરની વ્યવસ્થા કરવા માટે પણ કોર્ટમાં જણાવ્યું હતું.

નામ. કોર્ટને લાગે કે કૌટુંબિક હિંસા થઈ છે, તો તે રહેણાંકનો આદેશ આપી શકે છે. સંયુક્ત ઘર પરના પીડિત વ્યક્તિના કબજાને અસર પહોંચાડવાથી કે તેની પાસેથી કબજો પાછો લેવાથી પણ કોર્ટ અટકાવી શકે છે. તેમજ સંયુક્ત ઘરથી સામેવાળાને દૂર રહેવા પણ આદેશ આપી શકે છે. તેમજ સામાવાળા કે તેના સગાને સંયુક્ત ઘરમાં જતા અટકાવી શકે છે. તેમજ સામાવાળાને આવું મકાન પોતાના નામે હોય તો



બીજાને વેચાણ કરતા કે તેના નિકાલ કરતા તેમજ તેના ઉપર લોન કે બોજો કરતા પણ કોર્ટ અટકાવી શકે છે અથવા તેના વિકલ્પમાં પીડિત વ્યક્તિ સંયુક્ત કુંટુંબમાં જે સગવડોથી રહેતી હોય તેવા પ્રકારનું ઘર અન્ય જગ્યાએ પતિ દ્વારા અપાવવાનો પણ હુકમ કોર્ટ કરી શકે છે. તેમજ જો મકાન ખરીદ કરવાની પતિમાં શક્તિ ના હોય તો આવા પ્રકારનું ઘર ભાડે પત્ની ને પતિ દ્વારા કોર્ટ અપાવવા માટે ફરજ પાડી શકે છે. હુકમ કરી શકે છે.

કૌટુંબિક હિંસાને રોકવા માટે સામાવાળા દ્વારા બોન્ડનાં અમલની જોગવાઈ પણ કરી શકે છે. તેમજ સંબંધિત પોલીસ મથકના ઈન્ચાર્જ અધિકારીને પીડિતાને સુરક્ષા પૂરી પાડવાનો પણ કોર્ટ હુકમ કરી શકે છે. જે કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની પેટા કલમ : ૫ મુજબ આવા પ્રકારનું રક્ષણ કોર્ટ દ્વારા પીડિતાને મળી શકે છે. તેમજ પીડિતાનું સ્ત્રીધન કે અન્ય સિક્યુરિટી પણ પતિના કે સાસરીયાના કબજામાંથી પણ અપાવવા આ અધિનિયમ મુજબ હુકમ કરી શકે છે. તેમજ પીડિતાના બાળકોને કૌટુંબિક હિંસાથી થયેલા નુકશાન અને ખર્ચાને પહોંચી વળવા માટે નાણાંકીય રાહત આપવા માટે પણ કોર્ટ નિર્દેશ કરી શકે છે. આવી બાબતોમાં કમાણીનું નુકશાન, દવાના ખર્ચાઓ તથા ભોગ બનેલા વ્યક્તિના અંકુશમાંથી કોઈ સંપત્તિને દુર કરવાથી અથવા નુકશાન અથવા વિનાશ કરવાથી થયેલ નુકશાન પણ અપાવી શકે છે.



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

ભોગ બનેલ વ્યક્તિ તેમજ તેના બાળકો જો હોય તો તે માટે ભણાવવા સાથે સાથે સી.આર.પી.સી. ૧૯૭૪ ની કલમ : ૧૨૫ અન્વયે જે તે સમયે અમલમાં હોય તેવા અન્ય કાયદા હેઠળ ભરણપોષણના હુકમના વધારામાં કરેલ હુકમ સહિત નાણાંકીય રાહત પુરતી, યોગ્ય અને વ્યાજબી જીવન ધોરણ ભોગવી શકે તેટલી ચુકવવા માટે હુકમ કરી શકે છે.

ભોગ બનનારને રકમ ચુકવવા માટે નિષ્ફળ જતા ન્યાયાધીશ પ્રતિવાદીના માસિક કે દેવાદારને પ્રત્યક્ષ રીતે ભોગ બનેલ વ્યક્તિને ચુકવવા અથવા વેતન કે પગાર કે બાકી દેવુ અથવા પ્રતિવાદીના વધેલ સિલકને અદાલતમાં જમા કરવાનો નિર્ણય કરી શકે છે. જે રકમ અરજદારને ચુકવવાની થતી નાણાકીય રાહત સાથે સામાવાળાને મજરે કરી શકાય છે. કલમ : ૧૮ મુજબ કરેલ રક્ષણનો હુકમ જ્યાં સુધી ભોગ બનેલ વ્યક્તિ ભરપાઈમાંથી મુક્તિ માટે અરજી ન કરે ત્યાં સુધી અમલમાં રહે છે.

ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ, ૨૦૦૫ ની કલમ : ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ મુજબ કાનુની કાર્યવાહીમાં દિવાની અદાલત, ફેમીલી કોર્ટ કે ફોજદારી કોર્ટ સમક્ષ પણ દાદ મેળવી શકાય છે. મેજીસ્ટ્રેટને યોગ્ય લાગે તેટલી રકમ રહેવા તથા દવા દારૂ, ભરણપોષણ માટે પતિને ચુકવવા હુકમ કરી શકે છે.

સ્ત્રીને કૌટુંબિક હિંસાનો ભોગ બનતી અટકાવવા અને સમાજમા કૌટુંબિક હિંસા ના થાય તે માટે દિવાની કાયદામાં ઉપાય તરીકે કૌટુંબિંક હિંસાથી મહિલાની સુરક્ષા ખરડો સંસદમાં પસાર કરવામાં આવ્યો છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in